અપીલ અરજી નં.૧૧૦ તા.૮–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન અને તાબા હેઠળના તમામ ખાતા
ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્મીમેર,
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા તાબા હેઠળના તમામ ખાતા
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન,
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (તાબા હેઠળના તમામ ખાતા)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તાબા હેઠળના તમામ ખાતા,
ડે.કમિ.(હેઅનેહો) અને જા. મા અ.(સો.વે.મે. તથા તાબા હેઠળના તમામ ખાતા)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન તથા તાબા હેઠળના તમામ ખાતાઓ)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન તથા તાબા હેઠળના તમામ ખાતા)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન તથા તાબા હેઠળના તમામ ખાતા)
ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી તથા તાબા હેઠળના તમામ ખાતાઓ
ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયરખાતુ)
ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ, વીજીલન્સ)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી મ્યું. વર્કશોપ
ઈ.ચા. સ્ટોર્સ સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર્સ)
ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ)
આસી. જંતુનાશક અધિકારી અને જા. મા. અ.(સેન્ટ્રલ ફાઈલેરીયા, મેલેરીયા, સ્ટોર્સ)
મેડીકલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ મેડીકલ સ્ટોર
ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન ખાતુ)
તથા આ સિવાયના સુરત મહાનગપાલિકા સત્તા મંડળ હેઠળના તમામ જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૦–૫–૧૧ ની અરજીથી સ્થા.અધ્યક્ષ મુકેશ દલાલની અધ્યક્ષતામાં જે જે એક કરોડથી ઉપરના કામકાજો પાસ થયા હોય તેની વિગતો, ટેન્ડરો, પાસ થયેલ ટેન્ડરો આપેલ કામ અંગે જે જે ઠરાવો થયા હોય તેની માહિતિ તથા આ કોન્ટ્રાકટરો પાસેથી વસુલ કરેલ પેનલ્ટી,ફંડ, દંડ કે અન્ય રકમ વસુલ કરેલ હોય તેની સંપુર્ણ માહિતિ તથા ટર્મ એન્ડ કન્ડીશન મુજબ કામ થયુ ન થયુ તેની સંપુર્ણ માહિતિ આવેલા ટેન્ડરો સહિતની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૮–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૧૦/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૦–૫–૧૧ ની અરજીથી સ્થા.અધ્યક્ષ મુકેશ દલાલની અધ્યક્ષતામાં જે જે એક કરોડથી ઉપરના કામકાજો પાસ થયા હોય તેની વિગતો, ટેન્ડરો, પાસ થયેલ ટેન્ડરો આપેલ કામ અંગે જે જે ઠરાવો થયા હોય તેની માહિતિ તથા આ કોન્ટ્રાકટરો પાસેથી વસુલ કરેલ પેનલ્ટી,ફંડ, દંડ કે અન્ય રકમ વસુલ કરેલ હોય તેની સંપુર્ણ માહિતિ તથા ટર્મ એન્ડ કન્ડીશન મુજબ કામ થયુ ન થયુ તેની સંપુર્ણ માહિતિ આવેલા ટેન્ડરો સહિતની માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી ઉધનાઝોન સિવાય અન્ય જાહેર માહિતિ અધિકારી તરફથી માહિતિ મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪૮ તા.૧૪–૬–૧૧ થી તમામ જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ,વેસ્ટઝોન,રીક્રુટમેન્ટ, કતારગામઝોન, ગાર્ડનખાતુ, સેન્ટ્રલસ્ટોર્સ, મ્યુ. વર્કશોપ,મુખ્ય હિસાબનીશ, વરાછાઝોન, હાઉસીંગ ગાર્ડન, સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ, ટાઉન પ્લાનીંગ અઠવાઝોન, ગાંધી સ્મૃતિભવન, સો.વે.મે., હાઉસીંગ, ડ્રેનેજ, ઉધનાઝોન, ટ્રાફીકસેલ, સેન્ટ્રલઝોન વિભાગો તરફથી પૂરક વિગતો મળેલ છે. જયારે લીંબાયતઝોન અને અન્યખાતાઓની પૂરક વિગતો અત્રે મળેલ નથી.

વિવિધ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ નિકાલની કે પૂરક વિગતો અન્વયે હકીકત નીચે મુજબ છે. અરજદારની તા.૧૦–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/૧૩૬ તા.૧–૬–૧૧ થી મુખ્ય હિસાબનીશ તમામઝોન અને અન્ય ખાતાને દિન–૧૮ ના વિલંબથી તબદીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ઈ.ચા. ચીફ સીકયુરીટીઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વોચ એન્ડ વોર્ડ/૨૧૬ તા.૧૬–૬–૧૧ થી નિયત સમય અવધિ બાદ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૩૩ તા.૧૬–૬–૧૧ થી અરજદારને માહિતી અંગે ઈન્સ્પેકશન કરી જવા સમય મર્યાદા બાદ પત્ર પાઠવવામાં આવેલ છે

અરજદારે તેમ કર્યુ કે કેમ તેની કોઈ વિગતો અપીલ તબકકે બંન્નેમાંથી કોઈ પક્ષકારે આપેલ નથી. જોગવાઈ મુજબ અરજદારને આવુ ઈન્સ્પેકશન વિના મૂલ્યે પુરું પાડવાનું તથા અરજદારને ખપ પૂરતી નકલો વિના મૂલ્યે પૂરી પાડવાની રહે. પરંતુ તે માહિતી પૂરી પાડવામાં આવેલ જણાતું નથી. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી કચેરીનો રીપોર્ટ નીલ હોવાનું જણાવેલ છે. પરંતુ અરજદારને તેમ સૂચિત કરેલ નથી. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૪૪૬ તા.૮–૬–૧૧ થી માહિતીના પાના નંગ–૧૭૬૦ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૩૫૨૦ ભરપાઈ કરી માહિતી મેળવવા સમય મર્યાદામાં જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૪૦૯ તા.૧૭–૬–૧૧ થી માહિતી નીલ હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલસ્ટોર્સ તરફથી પત્ર ન.સીએસ/ડબલ્યુ/એસી/આ.નં.૧૯૭ તા.૧૮–૬–૧૧ થી સમય અવધિ બાદ પત્રક સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી મ્યુ. વર્કશોપ તરફથી પત્ર નં.ઓટો/વર્કશોપ/આ.નં.૨૨૩ તા.૧૮–૬–૧૧ થી સમય અવધિ બાદ વર્કશોપ વિભાગમાં ૧ કરોડથી ઉપરના કોઈ કામકાજો પાસ થયેલ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સ્મીમેર હોસ્પિટલ તરફથી પત્ર નં.સ્મીમેર હોસ્પિટલ/આ.નં.૨૧૦ તા.૨૧–૬–૧૧ થી ૧ કરોડની ખરીદી અંગેની માહિતી નીલ છે તેવું જણાવેલ છે. પરંતુ અરજદારને તેની વિગતો પૂરી પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી (હિસાબી) કક્ષાએથી પત્ર નં.૧૯ તા.૬–૬–૧૧ થી માહિતી નીલ હોવાનું સમય અવધિમાં અરજદારને જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં. ૧૮૬ તા.૨૦–૬–૧૧ થી સમય અવધિ બાદ પત્રક સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ ગાર્ડન તરફથી પીપીજી/આ.નં.૧૫૩ તા.૨૩–૬–૧૧ થી સમય અવધિ બાદ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ તરફથી પત્ર નં.સીએમએસ/આ.નં.૬૭૪ તા. ૨૪–૬–૧૧ થી સમય અવધિ બાદ પત્રક સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૧૫૧ તા.૨૮–૬–૧૧ થી આવી માહિતી ખાતામાં નિભાવવામાં આવતી નથી તેવું જણાવેલ છે પરંતુ અરજદારને તેમ જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૧૭ તા.૨૧–૬–૧૧ થી અરજદારને માહિતી પેટે રૂા.૯૨૨૬/– ભરપાઈ કરી માહિતી મેળવવાનું સમય અવધિ બાદ જણાવેલ છે. જે અંગે અરજદારને સમય અવધિ બાદ માહિતી કે ઈન્સ્પેકશન જો પુરું પાડવાનું થાય તો તે વિના મુલ્યે પુરું પાડવાનું રહે. આમ અરજદારને તેમની માહિતી અંગે ઈન્સ્પેકશન પુરું પાડી ખપ પૂરતી માહિતી પૂરી પાડવાની અથવા તો જણાવવાની રહે. જાહેર માહિતી અધિકારી ગાંધીસ્મૃતિ ભવન તરફથી જીએસબી/૧૧૩ તા. ૨૨–૬–૧૧ થી ગાંધીસ્મૃતિભવન અને રંગઉપવનની માહિતી બાબતેની વિગત નીલ હોવાનું જણાવેલ છે. પરંતુ અરજદારને તેમ જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./ આ.નં.૫૫૯ તા.૬–૭–૧૧ થી સો.વે.મે. વિભાગને આવી કોઈ અરજી મળેલ નથી તેથી માહિતી પાઠવવામાં આવેલ નથી તેવું જણાવી અત્રે માહિતી પૂરી પાડેલ છે પરંતુ તેવી પત્રકમાં જણાવેલ વિગત મુજબની માહિતી અરજદારને પણ પૂરી પાડવાની રહે. જે પૂરી પડાયેલ નથી. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી પત્ર નં.૨૫૬ તા.૨૮–૬–૧૧ થી સમય અવધિ બાદ માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ ટેક./આ.ન.૧૪૫ તા.૪–૬–૧૧ થી સમય અવધિમાં અરજદારને આપેલ માહિતી તથા પત્ર નં.સા.ઝોન/ટેક./૧૪૯ તા.૯–૬–૧૧ થી અરજદારને પત્રક સહિત સમય અવધિ બાદ માહિતી પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૫૪૯ તા.૧૧–૭–૧૧ થી અરજદારને આ પ્રકારની માહિતી એકત્રિત સ્વરૂપમાં ઉપલબ્ધ ન હોઈ તપાસણીનો પ્રસ્તાવ સમય અવધિ બાદ કરેલ છે. તેવી જ રીતે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ ધ્વારા પણ પત્ર નં.૧૬ તા.૨૮–૬–૧૧ થી સમય અવધિ બાદ તપાસણીનો પ્રસ્તાવ અરજદારને કરેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

આમ અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી ન હોય વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની થાય. ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તેમજ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજદારને સમય અવધિ બાદ નાણા ભરી માહિતી અને ઈન્સ્પેકશન આપવાના પત્રો પાઠવેલ હોય અરજદારને વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની રહે. તેવી જ રીતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા ડ્રેનેજનો તપાસણીનો પ્રસ્તાવ સમય અવધિ બાદનો હોઈ વિના મૂલ્યે તપાસણી પૂરી પાડી ખપ પૂરતી નકલ આપવી રહે. ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તથા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી અત્રે માહિતી જણાવેલ છે પરંતુ અરજદારને તેવી માહિતી અંગેની જાણકારી પાઠવેલ નથી તેથી તે વિગતો અરજદારને પૂરી પાડવાની રહે. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી સમય અવધિમાં નાણા ભરપાઈ કરી માહિતી મેળવવાનો પ્રસ્તાવ કરેલ હોય અરજદાર તેવી માહિતી નાણા ભરી મેળવી લેવા સ્વતંત્ર છે. આ સિવાયના જાહેર માહિતી અધિકારીઓએ તેમના કાર્યક્ષેત્ર હેઠળ જો કોઈ માહિતી આપવાની થતી હોય તો તે માહિતી પૂરી પાડવા અને જો પૂરી પાડેલ હોય તો તેની વિગત અરજદારને સૂચિત કરવી રહે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે માંગેલ કામ, રકમ અને મંજુરીની વિગત સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની પણ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૫–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નહીં પૂરી પડાયેલી તથા જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન અને અઠવાઝોન સેન્ટ્રલઝોન તથા ડ્રેનેજ તરફથી સમય અવધિ બાદ પત્ર પાઠવી નાણા ભરી ઈન્સ્પેકશન કરવા અને માહિતી પૂરી પાડવા જણાવેલ હોઈ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને તપાસણી તથા માહિતી પૂરી પાડવા અનુક્રમે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન, ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજને જણાવવામાં આવે છે.

ડીનશ્રી, સ્મીમેર, સો.વે.મે. અને ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી અત્રે પૂરી પાડેલ પૂરક વિગતો મુજબની માહિતી અરજદારને જણાવેલ ન હોઈ અરજદારને તે અંગે માહિતી પૂરી પાડવા ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્મીમેર, ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી સો.વે.મે. અને ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને સૂચિત કરવા જણાવવામાં આવે છે.

એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી સમય અવધિમાં નાણા ભરપાઈ કરવાનો પ્રસ્તાવ રજૂ કરેલ હોઈ અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો પ્રસ્તાવનો સ્વીકાર કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

આ સિવાયના જે જાહેર માહિતી અધિકારીઓએ જો માહિતી પૂરી પાડેલ હોય તો તેના સંદર્ભસહ અરજદારને સૂચિત કરવા અને ન આપેલ હોય તો કલમ૭(૬) હેઠળ અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવા જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન, ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્મીમેર, ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન, ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન, ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (સો.વે..મે.) ,....જાણ તથા અમલ માટે તથા અન્ય પક્ષકારમાં જણાવેલ જાહેર માહિતી અધિકારી.......જાણ તથા અમલ માટે.

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,